સરદાર પટેલ આવાસ યોજનાનાં
મકાનોના બાંધકામની કામગીરી
મજૂર સહકારી મંડળીઓ અને
રજિસ્ટર્ડ ઈજનેરોને સોંપવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક-મકન-૧૦૯૫-૨૦૦૦-લ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૪-૧૧-૨૦૦૦

વંચાણે લીધા:-(૧) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૧-૫-૧૯૯૭નો ઠરાવ ક્રમાંક-મકન-૧૦૯૫-૧૮૮૫-૧૩૨૬-(૯૭)લ

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૪-૨-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક-મકન-૧૦૯૫-૧૩૨૬-લ

(૩) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૫-૪-૨૦૦૦નો પરિપત્ર ક્રમાંક-સપય-૧૦-૨૦૦૦-મંત્રી.૫૩-લ,

(૪) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૫-૪-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક-સસપ-૧૦-૨૦૦૦-૩૨૩-લ,

<u>ઠરાવ</u>

આમુખના ક્રમાંક (૨) આગળ દર્શાવેલ તા. ૪-૨-૨૦૦૦ના ઠરાવથી સરદાર પટેલ આવાસ યોજના હેઠળ આપવામા આવતી સહાય રુ ૨૦,૦૦૦ અને રુ ૨૨,૦૦૦ થી વધારીને રુ ૩૦,૦૦૦ કરવામાં આવેલ છે અને આ યોજના હેઠળ મકાનો બિનસરકારી સંસ્થાઓ મારફત બાંધવાનું નકકી કરવામાં આવેલ છે. પ્રર્વતમાન સૂચનાઓ મુજબ બિનસરકારી સંસ્થાઓ, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો મારફત આ યોજનાના મકાનો બંધાવી શકાય છે પરંતુ સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે, કેટલાક વિસ્તારોમાં બિનસરકારી સંસ્થાઓ, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો આ કામગીરી માટે આગળ આવતી નથી. આમ આ યોજનાના અમલીકરણમાં કેટલાક વિસ્તારોમાં મુશ્કેલી જણાય છે. આ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણા બાદ એવું ઠરાવવામાં આવે છે કે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ હુકમો અનુસાર મજુર સહકારી મંડળીઓ અને રજિસ્ટર્ડ ઈજનેરોને પણ સરદાર પટેલ આવાસ યોજનાના મકાનોની કામગીરી સોપી શકાશે. પરંતુ આ અંગેની સઘળી જવાબદારી જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે. આ હેતુ માટે જરુર જણાયે માર્ગ અને મકાન વિભાગની કચેરીઓનો સંપર્ક સાધવાનો રહેશે.

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ સરદાર પટેલ આવાસ યોજનાના મકાનો બાંધવાની કામગીરી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોને સોંપતા પહેલાં તેમણે પોતે આવી સંસ્થાઓની કાર્યદક્ષતાની ચકાસણી કરવાની રહેશે. વધુમાં આવા મકાનોની તાંત્રિક દેખરેખ માત્ર તાલુકા વિકાસ અધિકારી ઉપર ન છોડતાં લાયકાત ધરાવતી વ્યકિતઓની ટુકડી મારફત બારીકાઈથી તકેદારી રાખવાની રહેશે. આ હેતુ

25

માટે વિકાસ કમિશ્નરશ્રીએ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને યોગ્ય સૂચનાઓ આપવાની રહેશે. વધુમાં આ યોજનાનાં મકાનોના બાંધકામનું ધોરણ સરકારના નિયત સ્પેસીફિકેશનનો મુજબનું અવશ્ય હોય તે જોવાનું રહેશે. સાથે સાથે વધુમાં બિનસરકારી સંસ્થાઓને આ કામગીરીમાં સાંકળવા માટે પ્રયત્નો કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.ડી.રાવત)
ઉપ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સચિવાલયના સર્વે વિભાગો
- સચિવશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
- સચિવશ્રી(ગૃહનિર્માણ) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબો,અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સભ્ય- સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ

*4) GR-MKN/106/5/2000/L. Date 4/11/2000*